વીડિયોમાં કેદ સમગ્ર ઘટના તપાસ કમિટીને સોંપવામાં આવી

રાજકોટ કોવિડ હોસ્પિટલમાં દર્દી સાથે અમાનવીય વર્તનનો વીડિયો વાયરલ

વીડિયોમાં સ્પષ્ટ જોઇ શકાય છે છતાં માર માર્યો છે કે નહીં તે અંગે હોસ્પિટલ સુપ્રિન્ટેન્ડેન્ટ અજાણ

રાજકોટ, તા.૧૭

રાજકોટમાં હાલ કોરોના વાયરસનો કહેર બનીને લોકો પર ત્રાટકી રહ્યો છે. રાજકોટ કોવિડ હોસ્પિટલ દર્દીઓથી ઉભરાઈ રહી છે. બીજી બાજુ અહીં હોસ્પિટલોમાં કોરોનાથી મોત થયેલા દર્દીઓની લાશોના ઢગલા હોવાના અહેવાલ પણ સામે આવી રહ્યા છે. સોશિયલ મીડિયામાં કોવિડ હોસ્પિટલોમાં દર્દીઓ સાથે કેવી રીતે સારવાર કરાય છે? કેટલો ભેદભાવ કરાય છે? અને અહીં દર્દીઓ પર કેટલો ત્રાસ અને જુલમો ગુજારવામાં આવી રહ્યા છે, તેના અનેક વીડિયો સામે આવ્યા બાદ આજે રાજકોટ કોવિડ હોસ્પિટલમાં દર્દી સાથે મારામારીનો

એક વીડિયો વાયરલ થયો છે. રાજકોટ કોવિડ હોસ્પિટલમાં કોરોના દર્દી સાથે મારામારીના આ વીડિયોમાં સ્પષ્ટ દેખાઈ રહ્યું છે કે દર્દીને માર મારવામાં આવી રહ્યો છે. વીડિયોમાં દર્દી પાણી માંગતો હોવાનો ઉલ્લેખ પણ સ્પષ્ટ સંભળાઈ રહ્યો છે, તેમ છતાં પીપીઈ કીટ પહેરીને કેટલાંક લોકો દર્દીને ઉપર પડીને માર મારી રહ્યા છે. હોસ્પિટલના સિક્યુરિટી ગાર્ડ પણ વીડિયોમાં દેખાઈ રહ્યા છે. ત્યારે લોકમુખે ચર્ચાઈ રહ્યું છે કે શું આવી રીતે હોસ્પિટલોમાં સારવાર કરાઈ રહી છે. જો આવી સ્થિતિ હોય તો લોકો હોસ્પિટલોમાં દાખલ જ થશે નહીં. શું રાજકોટ સિવિલમાં દર્દીઓ સાથે ઓરમાયું વર્તન કરાય છે? રાજકોટમાં સિવિલ કોવિડ હોસ્પિટલમાં દર્દીને બેરહેમીથી માર મારતો વીડિયો સામે આવ્યો છે. દર્દીને સિક્યુરીટી દ્વારા માર મરાતો હોવાનો વીડિયો આવ્યો સામે જેમાં પીપીઈ કિટ પહેરીને અન્ય એક કર્મચારી પણ મારી રહ્યો છે માર. વીડિયોમાં દર્દી માગી પાણી રહ્યો છે.

રાજકોટની સિવિલ હોસ્પિટલમાં દર્દીને માર મારવા મામલે સુપ્રિન્ટેન્ડેન્ટ ડો. પંકજ બુચે પ્રતિક્રિયા આપી છે. ઉલ્લેખનીય છે કે દર્દીને માર મારતો જે વીડિયો વાયરલ થયો છે તે ૮ તારીખે રાત્રે દાખલ થયેલા દર્દી પ્રભાશંકર પાટીલનો હોવાનું પંકજ બુચે જણાવ્યું. આ વીડિયો ૯ તારીખે વહેલી સવારનો હોવાનું સામે આવ્યું છે. સુપ્રિન્ટેન્ડેન્ટ પંકજ બુચનું કહેવું છે કે દર્દી કપડા કાઢી બારી પરથી કુદકો મારવાનો પ્રયત્ન કરતો હતો ત્યારે સિક્યુરિટી ગાર્ડે તેમને અટકાવ્યો હતો. તેમણે કહ્યું કે સમગ્ર ઘટનાની તપાસ કમિટીને સોંપવામાં આવી છે. પરંતુ દર્દીને માર માર્યો હોવાનું વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે છતાં માર માર્યો છે કે નહીં તે અંગે સુપ્રિન્ટેન્ડેન્ટ અજાણ છે.

રાજ્યમાં ફરી લૉકડાઉન લાદવા કોઈ વિચારણા કરાઈ નથી : નીતિન પટેલ

ગાંધીનગર, તા.૧૭

રાજ્યમાં કેટલાક સમયથી કોરોનાના કેસોમાં દિન પ્રતિદિન વધારો થઈ રહ્યો છે. જેને પગલે રાજ્યના કેટલાક શહેરોમાં અને નગરોમાં વેપારીઓ બજારો બંધ રાખી રહ્યા છે. જેના કારણે રાજ્યમાં ફરીથી લોકડાઉન લાદવામાં આવે તેવી ભીતિ નાગરિકોમાં સેવાઈ રહી છે. જે અંગે રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે આ બાબતને અફવા ગણાવી હતી. તેમણે જણાવ્યું કે, સરકાર દ્વારા ફરી વખત લોકડાઉન લાદવા અંગે કોઈ વિચારણા કરાઈ નથી. રાજ્યમાં કેટલાય દિવસોથી કોરોનાના કેસોનો આંકડો પ્રતિદિન ૧૩૦૦ને પાર થઈ ગયો છે. આ સંજોગોમાં કેટલાય શહેરોમાં અને નગરોમાં વેપારીઓ સહિતના વિવિધ સંગઠનો દ્વારા સ્વૈચ્છિક રીતે લોકડાઉન લાદવામાં આવી રહ્યું છે. જેના લીધે નાગરિકોમાં ફરીથી લોકડાઉન અમલમાં આવશે તેવી ભીતિ સેવાઈ રહી છે.

ફાયર સેફ્ટીના સાધનો નહીં રાખી ગંભીર બેદરકારી દાખવી

શ્રેય અગ્નિકાંડની તપાસ સીબીઆઈને સોંપવા તિસ્તા અને શબનમ હાશ્મીની માગ

અમદાવાદ, તા.૧૭

અમદાવાદના નવરંગપુરાની શ્રેય હોસ્પિટલમાં લાગેલી આગની ઘટનાની તપાસ સીબીઆઈને સોંપવા તિસ્તા શેતલવાડ, શબનમ હાશ્મી, પ્રો. હેમંતકુમાર શાહ તથા ફાધર ફેડ્રીક પ્રકાશ સહિત ૮ મૃતકોના પરિવારજનોએ માંગ કરી છે. ૫૧૪ વ્યક્તિની સહીવાળા આવેદનપત્રમાં જણાવાયું છે કે, ઘટના સમયે હોસ્પિટલના સીસીટીવી કામ કરતા ન હતા એટલું જ નહીં આગ બુઝાવવાના સાધનો આઈસીયુમાં હતા નહીં તેમજ સ્ટાફને પણ આગના સમયે બચાવ કામગીરીની ટ્રેનિંગ અપાઈ નહતી.

આશ્ચર્યજનક રીતે ભયંકર આગ કે જેમાં દર્દીઓ ૮૦ ટકા જેટલી દાઝી ગયા હતા તે કમભાગી લોકોના મોબાઈલ ફોનને આગની અસર જ થઈ નહતી. તેમાંથી અમુકની તો રીંગ વાગતી રહી હતી. આ ઉપરથી એવી આશંકા છે કે, દર્દીના ફોન આઈસીયુમાંથી હટાવી લેવાયા હતા. જેથી તેઓ આગના કારણે કોઈને ફોન કરી ન શકે. હોસ્પિટલ મેનેજમેન્ટ ફાયર સેફ્ટીના સાધનો નહીં રાખી ગંભીર પ્રકારની બેદરકારી દાખવી હતી.

ત્યારબાદ હોસ્પિટલના વર્ગ ચારના બે કર્મચારીઓની ધરપકડ કરાઈ જેઓ આઈસીયુમાં ફરજ પર હતા. સત્તાવાળા પોતાની જવાબદારીમાંથી છટકી નાના કર્મચારીઓ પર દોષનો ટોપલો નાખવાનો પ્રયાસ કરે છે.

પકડાયેલા આરોપી શહેઝાદ અને ઇમરાનની પૂછપરછમાં નામ ખૂલ્યું

ગુજરાતમાં MD ડ્રગ્સ સપ્લાય કરતો મહારાષ્ટ્રનો માફિયા અફાકબાવા ઝડપાયો : પુત્ર ફિદા ફરાર

અમદાવાદ, તા.૧૭

ક્રાઈમ બ્રાન્ચટીમે કોલ્હાપુર જિલ્લાના સ્પે. યુનીટની મદદથી ગુજરાતમાં એમ.ડી ડ્રગ્સના મુખ્ય સપ્લાયર ડ્રગ્સ માફીયા અફાકબાવાને મહારાષ્ટ્ર- કર્ણાટકની બોર્ડરેથી ઝડપી લીધો છે. અફાકબાવાનો પુત્ર ફિદા ફરાર છે. શહેઝાદ અને ઈમરાન અજમેરીને આરોપી અફાકબાવા એમ.ડી ડ્રગ્સ આપતો હોવાનું ખુલ્યું હતું. ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ જે.એન.ચાવડા અને પોસઈ એ.પી.જેબલિયાની ટીમે કોલ્હાપુર સ્પેશ્યલ યુનીટની મદદથી અફાક એહમદ ઉર્ફે અફાકબાવા ઉર્ફે અસ્ફાક બાવા ઉર્ફે આફત બાવા ઉમર કારોલને ઝડપી લીધો છે. મૂળ મહારાષ્ટ્રના સિંધુદુર્ગ જિલ્લાના કિનાલે ગામના વતની અફાકબાવા હાલમાં સીતાફળવાડી, લાઈટ હાઉસ બિલ્ડીંગ મંજગાવ, મુંબઈમાં રહે છે. અફાકબાવા અને તેના પુત્ર ફિદાએ એમ.ડી ડ્રગ્સનો જથ્થો સપ્લાય કર્યો હોવાનું ચાર દિવસ અગાઉ પકડાયેલા આરોપી

શહેઝાદ તેજાબવાલા અને ઈમરાનની પૂછપરછમાં ખુલ્યું હતું.

શહેઝાદ ૨૦૧૯માં પકડાયો ત્યારે પણ અફાકબાવાનું નામ ખુલ્યું હતું. અફાકબાવા ક્રાઈમ બ્રાન્ચના બે કેસ તેમજ DRIએ ઝડપેલા ૫૦ કિલો મેફેડ્રોન કેસમાં પણ વોન્ટેડ હતો. ચાર દિવસ પહેલાં ક્રાઈમ બ્રાન્ચે શહેઝાદ તેજાબવાલા, ઈમરાન અજમેરી, પોલીસ કર્મચારી ફિરોઝ નાગોરીને રૂ.૧ કરોડના મેફેડ્રોન મુદ્દે પકડ્યાં હતાં. શહેઝાદે આ જથ્થો અફાકબાવા અને ફિદાએ આપ્યાનું જણાવ્યું હતું. આરોપી મહારાષ્ટ્ર, ગોવા અને કર્ણાટકની બોર્ડર પર ફરતો રહેતો હોવાનું પોલીસને જાણવા મળ્યું હતું. જેના આધારે પોલીસે આરોપીને કોલ્હાપુર યુનીટની મદદથી ઝડપ્યો હતો.પોલીસે ૪ દિવસ અગાઉ વડોદરા એક્સપ્રેસ વે પરથી જમાલપુર હજારીની પોળમાં રહેતાં એએસઆઈ ફિરોઝ મહંમદખાન નાગોરી, મહંમદ આરીફ ઉર્ફ મુન્નો જમાલુદીન કાઝી અને ઈમરાન ઉર્ફે ઈમ્મો ઈબ્રાહિમ પઠીયારને રૂ.૧ કરોડના મેફેડ્રોન સાથે ઝડપ્યાં હતાં.

સ્થાપિત હિતો સહકારી સંસ્થાઓને ચૂસી રહ્યા છે

સી.આર.પાટીલ સહકારી માળખાના ઢાંચાને ઠીકઠાક કરવાના કામે વળગશે

અમદાવાદ, તા.૧૭

પ્રદેશ ભાજપના અધ્યક્ષ સી આર પાટીલ હાલ કોરોના નેગેટિવ થયા બાદ એકાદ સપ્તાહ જેટલો સમય પોતાના ઘરે ક્વોરન્ટીન રહેશે અને તે પછી તેઓ પોતાનું રોજિંદુ કાર્ય શરુ કરશે. ભાજપના સૂત્રો પાસેથી જાણવા મળ્યા મુજબ પાટીલ પરત ફરીને ગુજરાતના સહકારી માળખાના ઢાંચાને ઠીકઠાક કરવાના કામે વળગશે. તેઓ વર્તમાન સ્થિતિએ રાજ્યની મોટી સહકારી ક્ષેત્રની સંસ્થા અંગે સંપૂર્ણ વિગતો ચકાસશે.

ભાજપના સૂત્રો પાસેથી જાણવા મળ્યા મુજબ પાટીલે તાજેતરમાં સૂરતની સુમૂલ ડેરીમાં થયેલાં આક્ષેપોને લઈને પાર્ટીમાં સ્વચ્છ વહીવટ કરે તેવી વ્યક્તિનો આગ્રહ રાખ્યો હતો. તે મુજબ માનસિંહ પટેલ ડેરીના ચેરમેન બન્યા હતા. આ જ પ્રમાણે હવે દરેક મોટી સહકારી સંસ્થાઓમાં પણ કેટલાંક સ્થાપિત હિતો વર્ષોથી જળોની માફક ચોંટીને સંસ્થાઓને ચૂસી રહ્યા છે. તેઓને પાટીલ દૂર કરશે. પાર્ટી સૂત્રો જણાવે છે કે હવે ગુજરાત ભાજપમાંથી સંગઠનના કેટલાંક નેતાઓ પણ સહકારી ક્ષેત્ર સતત વોચ રાખશે અને પાટીલને તેનો રીપોર્ટ મોકલતા રહેશે, જેથી કરીને જ્યાં પણ વહીવટમાં ક્ષતિ રહી હોય ત્યાં તેનું ધ્યાન દોરી શકાય. જે ભાજપના પદાધિકારીઓ કે ચૂંટાયેલા પ્રતિનિધીઓ સહકારી મંડળીઓમાં હોદ્દેદાર છે કે વહીવટમાં સીધી કે આડકતરી રીતે સંકળાયેલા છે તેઓનું નામ જો કોઈ ભ્રષ્ટતા કે ગેરરીતિમાં શામેલ હશે તો તેમને કડક સજા મળી શકે છે.

શક્તિસિંહ ગોહિલે સિંહોના મોતનું કારણ આપ્યું

ગાંધીનગર : ગીરના જંગલોમાં સિંહોના મૃત્યુ દરને લઈ કોંગી સાંસદ શક્તિસિંહ ગોહિલે રાજ્યસભામાં મુદ્દો ઉપાડ્યો હતો. તેઓએ સરકાર સામે સાવજને બચાવવા અપીલ કરી છે. શક્તિસિંહ ગોહિલે ગુરુવારે રાજ્યસભામાં એશિયાઈ સિંહોના મોતનો મુદ્દો ઉપાડ્યો છે. સિંહોને રેડિયો કોલર લગાવવું ન જોઈએ. કેમ કે, તેનાથી તેમનો વિકાસ અટકી જાય છે. અનેક વાર સિંહોના આ કારણે અસમયે મોત પણ થઈ જાય છે.

Bharat Parenterals Limited

Registered Office & Works: Vill. Haripura, Ta. Savli, Dist. Vadodara - 391520 (Guj.) India.

(WHO-GMP CERTIFIED * STAR EXPORT HOUSE)

NOTICE OF ANNUAL GENERAL MEETING

ADDENDUM to the Notice of the Annual General Meeting (AGM) of the Company

[illegible]

This Notice is also available at Investor section of the Company's website and Corporate Announcement section of the Bombay Stock Exchange of India Limited.

FOR BHARAT PARENTERALS LIMITED
Sd/-
BHARATKUMAR DESAI
(MANAGING DIRECTOR)
DIN: 00552596

Place: Vadodara
Date: September 17, 2020

છેલ્લા બે મહિનામાં ૩૪ તબીબી વિદ્યાર્થી કોરોનાથી સંક્રમિત

અમદાવાદ, તા.૧૭

કોરોનાની સારવાર કરનારા તબીબો જ સંક્રમણનો ભોગ બની રહ્યાં છે. ખાસ કરીને એ વિદ્યાર્થીઓ, જેઓએ માંડ તબીબી અભ્યાસમાં પગ મૂક્યો છે તેઓને પણ કોરોનાનો સામનો કરવો પડી રહ્યો છે. એક તરફ તેઓને કોરોના વોરિયર બનવાની મોટી તક અને અનુભવ મળી રહ્યો છે. બીજી તરફ એ જ વિદ્યાર્થીઓ કોરોનાની ઝપેટમાં આવી રહ્યા છે. ગુજરાતભરમાં એમબીબીએસનો અભ્યાસ કરતા ૩૪ વિદ્યાર્થી બે મહિનામાં કોરોનાગ્રસ્ત થયા છે. સરકાર દ્વારા એમબીબીએસનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પણ કોરોનાની ડ્યુટી સોંપવામાં આવી છે. જેઓ ખુદ સંક્રમિત થઈ રહ્યા છે. જેમાં સૌથી વધુ એનએચએલ મેડિકલ કોલેજના ૧૫, એલજી મેડિકલ કોલેજના ૧૪ વિદ્યાર્થીઓ કોરોનાના શિકાર બન્યા છે.

અધિક માસ દરમિયાન વાહનથી લઈને જ્વેલરી ખરીદી શકાશે

ગાંધીનગર,તા.૧૭

શ્રાદ્ધ પક્ષ પૂરો થવા સાથે આવતીકાલ તા.૧૮ સપ્ટેમ્બરથી અધિક માસનો પ્રારંભ થાય છે. અધિક માસમાં જ્વેલરી, વાહન, મિલકત, ઈલેક્ટ્રોનિક્સ ચીજવસ્તુઓ, કપડાં, સહિત તમામ પ્રકારની ખરીદી માટે કોઈ મનાઈ નથી અને મિલકત ખરીદીના સંદર્ભમાં ફક્ત કાગળ- દસ્તાવેજી કાર્યવાહી કરવાની રહેશે. આ ખરીદી માટે ચાલુ વર્ષે અધિક માસમાં ૨૫થી વધુ શુભ દિન છે.અધિક માસમાં વિવાહ, દેવસ્થાપન, યજ્ઞોપવિત, સકામ યજ્ઞ, વગેરે જેવા શુભ કાર્યો કરવા માટે શાસ્ત્રોમાં નિષેધ કરાયો છે. અધિક માસમાં લગ્ન નક્કી કરવું, સગાઈ નક્કી કરવી, જમીન, મકાન-મિલકતની ખરીદી કરવાનું પણ નક્કી કરી શકાય છે.

જાહેર નિવિદા સને ૨૦૨૦-૨૧

આદિજાતી વિકાસ અધિકારીશ્રી, ડાંગ-આહવા દ્વારા ડાંગ જિલ્લાની સરકારી અને અર્ધ સરકારી શૈક્ષણિક સંસ્થાઓમાં સને ૨૦૨૦-૨૧ના વર્ષમાં શૈક્ષિણક અને ભૌતિક સુવિધાઓ પુરી પાડવાની થાય છે. આથી રસ ધરાવતી એજન્સી/વિક્રેતા/માન્ય સંસ્થા/ સખી મંડળ/ઉત્પાદોએ જાહેરાત પ્રસિદ્ધ થયાના સરકારી કામકાજના દિન-૫ માં કચેરી સમય દરમ્યાન રૂા.૧૫૦૦/- નો ડીમાન્ડ ડ્રાફટ આદિજાતિ વિકાસ અધિકારીશ્રી, ડાંગ-આહવાના નામનો ફી પેટે (નોન રીફંડેબલ) રજુ કરી કોરા ટેન્ડર ફોર્મ મેળવી લેવાના રહેશે. ભરેલા ટેન્ડર ફોર્મ જાહેરાત પ્રસિદ્ધ થયાના સરકારી કામકાજના દિન-૧૦માં આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટથી કચેરી સમય દરમ્યાન પરત મોકલવાના રહેશે.

ટેન્ડર મંજુર-નામંજુર/મુલતવી રાખવાનો અધિકાર અત્રેની કચેરીનો રહેશે.

ટેન્ડર મોકલવાનું સરનામું : આદિજાતિ વિકાસ અધિકારીની કચેરી, કલેકટરશ્રી કચેરીના કમ્પાઉન્ડમાં, આહવા, જિ.ડાંગ

આદિજાતિ વિકાસ અધિકારી ડાંગ-આહવા

(માહિતી-ડાંગ-૧૨૯-૨૦૨૦)

જાહેર નિવિદા નં.૯, સને.૨૦૨૦-૨૦૨૧

કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત (મા×મ) વિભાગ, જિલ્લા પંચાયત, પંચ. ગોધરા, ફોન નં. ૨૫૩૩૮૧ દ્વારા ઓનલાઈન ઈ-ટેન્ડરીગની કામગીરીના જાણકાર ઈસમો પાસેથી ટેન્ડર માંગવામાં આવે છે. કોરી ટેન્ડર કોપી ઈસ્યુ કરવાની છેલ્લી તા.૨૪-૦૯-૨૦૨૦ અને ભરેલા ટેન્ડર આરપીએડી/સ્પીડપોષ્ટ થી પરત લેવાની છેલ્લી તા. ૦૧-૧૦-૨૦૨૦ છે. ટેન્ડર ફી પેટે રૂા.૩૦૦/- બેંક ઓફ બરોડા શાખા સ્ટેશન રોડ, ગોધરામાં "૦૦૫૯ પીડબલ્યુ" સદરે ચલનથી જમા કરાવી ચલન રજુ કર્યે થી ટેન્ડર ઈસ્યુ કરવામાં આવશે વધુ માહિતી માટે રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈસમો એ રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

(માહિતી-૩૬૩-૨૦૨૦-૨૧)

ટૂંકી મુદતની જાહેર નિવિદા નં-૦૧ સને:-૨૦૨૦/૨૧

તાલુકા પંચાયત કચેરી,કવાંટ

કવાંટ તાલુકાની આંગણવાડી કેન્દ્રોમાં આહારના સાધનો(કિચન સેટ) આપવાની યોજના તથા કવાંટ તાલુકાના મત્સ્ય ઉધ્યોગ કરતા માછીમારોને બિયારણ,જાર,તથા સાયકલ બોક્ષ આપવાની યોજના માટે રજીસ્ટ્રેશન થયેલ માન્ય સંસ્થાઓ/ઇજારદારશ્રીઓ પાસેથી રજી.પો.એડી.થી/રૂબરૂ કચેરી સમય દરમ્યાન તા:-૧૮/૦૯/૨૦૨૦ થી તા.૨૫/૦૯/૨૦૨૦ સુધીમાં બંધ કવરમાં ભાવ પત્રકો મંગાવવામાં આવે છે ભાવ પત્રકના કવર ખોલવાની તારીખ:-૩૦/૦૯/૨૦૨૦ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે રહેશે સમય મર્યાદામાં બાદ આવેલ ભાવ પત્રક સ્વીકારવામાં આવશે નહી જેની નોંધ લેવા વિનંતી છે.

અ.નં.	કામ નો પ્રકાર	હુકમ નંબર તારીખ	યોજના ની અંદાજીત રકમ રૂ.	એક લાભાર્થીનો યુનિટ કોસ્ટ
૧	આદિજાતિ વિસ્તારની આંગણવાડી કેન્દ્રોમાં આહારના સાધનો(કિચન સેટ) આપવાની સુવિધા પુરી પાડવાની યોજના	નં/અવચ/જ/ગુ.પે./વશી/૯૭૯ થી ૯૮૩/૧૯ તા.૨૮/૦૮/૨૦૧૯	૧,૫૦,૦૦૦/-	એક આંગણ વાડીનો યુનિટ કોસ્ટ
૨	મત્સ્ય ઉધ્યોગ કરતા માછીમારોને બિયારણ/જાર તથા સાયકલ બોક્ષ આપવાની યોજના	નં/અવચ/જ/મત્સ્ય ગુ.પે./વશી/૧૧૫૫ થી ૧૧૧૦/૧૯ તા.૦૩/૦૯/૨૦૧૯	૩,૦૫,૫૦૦/-	એક લાભાર્થીનો યુનિટ કોસ્ટ

ઉપરોક્ત તમામ કામના ભાવ પત્રક અગમ્ય કારણો સર મંજુર ના મંજુર કરવાના તમામ અધિકાર તાલુકા વિકાસ અધિકારી-કવાંટ ને અબાધિત રહેશે.

(માહિતી-વડો-૬૪૦-૨૦૨૦-૨૧)

ફોર્મ નં. આઈએનસી - ૨૬

(કંપનીઓના (નોંધણી) નિયમો, ૨૦૧૪ના નિયમ ૩૦ મુજબ)
કંપનીની રજિસ્ટર્ડ ઓફિસને એક રાજયમાંથી બીજા રાજયમાં બદલવા માટે અખબારમાં પ્રસિધ્ધ કરવાની જાહેરાત

સેન્ટ્રલ ગર્વમેન્ટ સમક્ષ
(રિજનલ ડાયરેક્ટર, નોર્થ વેસ્ટર્ન રિજીયન)

કંપનીઝ એકટ, ૨૦૧૩ની કલમ ૧૩ની પેટા કલમ (૪)ની બાબતમાં અને પેટા નિયમ (૫)નો કલોઝ (એ)નો નિયમ ૩૦ના કંપનીઝ (ઈન્કોર્પોરેશન) નિયમો ૨૦૧૪

અને

મોડયુટેક બિલ્ડીંગ સિસ્ટમ્સ પ્રાઈવેટ લિમિટેડ
(CIN : U45102GJ2009PTC056140) કંપનીઝ એકટ, ૧૯૫૬ની હેઠળ નોંધાયેલ કંપની અને તેની રજિસ્ટર્ડ ઓફિસ ૪૦૧, મેપલ કોર્ટ ૨૮એ, અરૂણોદય સોસાયટી, અલ્કાપુરી, વડોદરા-૩૯૦૦૦૭ ગુજરાત ની બાબતમાં ..**પીટીશનર**

આથી જાહેર જનતાને નોટિસથી જાણ કરવામાં આવે છે કે અરજદાર કંપનીની ૨૮મી જુલાઈ, ૨૦૨૦ ના રોજ આયોજીત વિશેષ સામાન્ય જનરલ સભામાં પસાર કરેલ વિશેષ ઠરાવના અનુસંધાને કંપનીના મેમોરેન્ડમ ઓફ એસોસીએશનમાં બદલાવની પરવાનગી મેળવવા કંપની ધારા ૨૦૧૩ની કલમ ૧૩ અન્વયે કેન્દ્ર સરકારને અરજી કરવાની છે. જેથી કંપની પોતાની રજિસ્ટર્ડ ઓફિસ **ગુજરાત રાજ્ય થી મહારાષ્ટ્ર રાજ્ય** માં લઈ જઈ શકે.

કંપનીના રજિસ્ટર્ડ ઓફિસમાં સૂચિત ફેરફાર દ્વારા અસરગ્રસ્ત થનાર કોઈ પણ વ્યકિત એમસીએ-૨૧ પોર્ટલ (www.mca.gov.in) ઉપર ઈન્વેસ્ટર ફરિયાદ ફોર્મ દાખલ કરીને પહોંચાડવા અથવા તેની/તેણીની વાંધાઓના કારણો રજિસ્ટર્ડ પોસ્ટ દ્વારા મોકલવા, તેની/તેણીની હિતોને ટેકો આપતાં વાંધાઓ એફિડેવિટ સાથે જો કોઈ હોય તો રિજ્યોનલ ડાયરેક્ટર, નોર્થ વેસ્ટર્ન રિજયન, આરઓસી ભવન, રૂપલ પાર્ક સોસાયટી સામે, અંકુર બસ સ્ટોપ પાછળ, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩, ગુજરાત ને નોટિસ પ્રકાશનની તારીખ થી ૧૪ દિવસની અંદર મોકલવા, જેની નકલ પીટીશનર કંપનીને તેની રજિસ્ટર્ડ ઓફિસના નીચે દર્શાવેલ સરનામે મોકલવી.

૪૦૧, મેપલ કોર્ટ ૨૮એ, અરૂણોદય સોસાયટી, અલ્કાપુરી, વડોદરા - ૩૯૦૦૦૭, ગુજરાત.

મોડયુટેક બિલ્ડીંગ સિસ્ટમ્સ પ્રાઈવેટ લિમિટેડના વતી અને તેના માટે
તારીખ : ૧૭-૦૯-૨૦૨૦ **(કૃણાલ મહેરા)**
સ્થળ : વડોદરા ડાયરેક્ટર - DIN : 01933595

ફોર્મ A
પબ્લીક એનાઉન્સમેન્ટ

[illegible]

મેકટેલ પાવર લિમિટેડના લેણદારોની જાણકારી માટે

સંબંધિત વિગતો

1	[illegible]	[illegible]
2	[illegible]	03-10-2009
3	[illegible]	[illegible]
4	[illegible]	U31900GJ2009PLC058249
5	[illegible]	[illegible]
6	[illegible]	૧૧-૦૯-૨૦૨૦ [illegible]
7	[illegible]	૦૯-૦૩-૨૦૨૧ [illegible]
8	[illegible]	[illegible] IBBI/IPA-001/IP-P00993/2017-2018/11640
9	[illegible]	[illegible] bipin.amdt@gmail.com
10	[illegible]	[illegible] crp.market@gmail.com
11	[illegible]	૩૦-૦૯-૨૦૨૦
12	[illegible]	લાગુ નથી
13	[illegible]	લાગુ નથી
14	(a) [illegible] (b) [illegible]	(a) www.ibbi.gov.in /www.sunresolution.in (b) લાગુ નથી

[illegible]

તારીખ : ૧૭-૦૯-૨૦૨૦
સ્થળ : વડોદરા

સહી/-
ધારીત કિશોરભાઈ શાહ
વચગાળાના ઠરાવ વ્યાવસાયિક
નોંધણી નંબર : IBBI/IPA-001/IP-P00993/2017-2018/11640

YES BANK

યસ બેંક લિમીટેડ : યુનિટ નં. જી/૩, ૧૦૨ - ૧૦૩, સી જી સેન્ટર, સી જી રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૯.
રજીસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ : પંદરમો માળ, યસ બેંક ટાવર - ૨, આઈએફસી, સેનાપતિ બાપત માર્ગ, એલ્ફીસ્ટન (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૧૩, ટેલિ. : ૯૧ (૨૨) ૩૩૬૬ ૯૦૦૦, ફેક્સ : ૯૧ (૨૨) ૬૬૬૯૯૦૬૦,
Web : www.yesbank.in, Email : communications@yesbank.in, CIN : L6519MH2003PLC143249

સ્થાવર મિલકતોના વેચાણ માટે વેચાણ નોટીસ

સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અંતર્ગત બેંકમાં ગિરવે મુકેલ સ્થાવર મિલકતનું વેચાણ સાથે નિયમ ૮(૬) હેઠળ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ - ૨૦૦૨.

જાહેર જનતા તથા ખાસ કરીને કરજદાર(રો)/ જામીનદાર (રો) ને આથી જાણ કરવાની કે નીચે દર્શાવેલ યસ બેંક લિ. (સુરક્ષિત ક્રેડીટર) ને મોર્ગેજ / ચાર્જ માં આપેલ સ્થાવર મિલકત જેનો પ્રત્યક્ષ કબજો બેંકના અધિકૃત અધિકારીએ લઈ લીધેલ છે. સુરક્ષિત લેણદાર/ જામીનદાર મે. મે. ઢોલા એન્ડ જીગર જીગર એન્ટરપ્રાઈઝ પ્રાઈવેટ લિમીટેડ તેમના ડાયરેક્ટરો, મોર્ગેજરો અને જામીનદારો :- શ્રી નિરવ મેહતા, શ્રી પુનમચંદ મેહતા, શ્રીમતી તૃપ્તી મેહતા અને શ્રી ઢોલા મહેતા ની બાકી બોલી રકમ રૂા. ૨,૧૩,૨૦,૧૭૩.૦૮ (રૂા. બે કરોડ તેર લાખ વીસ હજાર એકસો તોતેર અને આઠ પૈસા પુરા) વત્તા તા. ૧૭.૦૭.૨૦૨૦ ના રોજ થી વ્યાજ સાથે ના વસુલાત માટે તા. ૨૨.૧૦.૨૦૨૦ ના રોજ "જે છે જ્યાં છે અને તેમ છે ત્યાં છે અને કોઈ જવાબદારી સિવાય" ના ધોરણે વેચાણ કરવામાં આવશે. હરાજી માટે અનામત કિંમત અને અર્નેસ્ટ મની ડીપોઝીટ માટેની વિગતો નીચે મુજબ છે.

ક્રમ નં.	મિલકતોનું વર્ણન	અનામત કિંમત	ઇએમડી
૧.	ઓફિસ નં. ૨૦૧, બીજો માળ, જેનું ક્ષેત્રફળ ૮૭૧ સ્કે. ફિટ., "પાર્શ્વ કોમ્પ્લેક્ષ", પ્લોટ નં. ૧ અને ૨, તરૂણ કો. ઓ. હાઉસીંગ સોસાયટી લી., ગામ - સુભાનપુરા, જીલ્લો અને સબ જીલ્લો - વડોદરા, રેવન્યુ સર્વે નં. ૯/૧ અને ૯/૨, ફાઈનલ પ્લોટ નં. ૨૭૯ અને ૨૭૭, ટી. પી. સ્કીમ નં. ૨.	Rs. 24,38,800/-	Rs. 2,43,880/-
૨.	ફ્લેટ નં. જી-૮ (ગ્રાઉન્ડ ફ્લોર) જેનું ક્ષેત્રફળ ૭૦ સ્કે. મી., જે સ્થિત "મેહુલ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., વિભાગ - ૨", રેવન્યુ સર્વે નં. ૧૫૭ અને ફાઈનલ પ્લોટ નં. ૪૯૮, ટી. પી. સ્કીમ નં. ૨, ગામ - સુભાનપુરા, જીલ્લો - વડોદરા.	Rs. 11,13,600/-	Rs. 1,11,360/-
૩.	ફ્લેટ નં. એફ-૯, જેનું ક્ષેત્રફળ ૧૫૦ સ્કે. મી., બધા જ સ્ટ્રકચર સાથે, જે સ્થિત "મેહુલ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., વિભાગ - ૨", રેવન્યુ સર્વે નં. ૧૫૭ અને ફાઈનલ પ્લોટ નં. ૪૯૮, ટી. પી. સ્કીમ નં. ૨, ગામ - સુભાનપુરા, જીલ્લો - વડોદરા.	Rs. 21,44,000/-	Rs. 2,14,400/-

નિરીક્ષણની તારીખ અને સમય : તા. ૧૫.૧૦.૨૦૨૦ ના રોજ સવારે ૧૦.૩૦ થી સાંજે ૪.૦૦ સુધી
ઈ - હરાજીની તારીખ : ૨૨.૧૦.૨૦૨૦ ના રોજ સવારે ૧૧.૦૦ થી બપોરે ૨.૦૦ વાગ્યા સુધી
બીડ ભરવાની છેલ્લી તારીખ : તા. ૨૧.૧૦.૨૦૨૦ ના રોજ સાંજે ૫.૦૦ વાગ્યા સુધી

ઇએમડી ડિપોઝીટ માટે બેંક ખાતાની વિગતો નીચે પ્રમાણે છે.

વિગત	વિગતો	
બેંક અને શાખાનું નામ	યસ બેંક લિમીટેડ, ૧૦૨/૧૦૩, સી. જી. સેન્ટર, સી. જી. રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૬.	
લાભાર્થીનું નામ	યસ બેંક લિમીટેડ : બીબી કેડ અમદાવાદ ઈન્ટરનલ એકાઉન્ટ	
ખાતા નંબર	000789900000149	IFSC Code : YESB0000007 – સી. જી. રોડ, અમદાવાદ.

વેચાણ માટેની વિગતવાર શરતો અને નિયમો, કૃપા કરીને યસ બેંક લિ. ની આપેલ લિંક જોવો :
i.e. https://www.yesbank.in/about-us/media/auction-property or https://sarfaesi.auctiontiger.net

ટેન્ડર ડોક્યુમેન્ટ્સ / ઈ - બિડીંગ કેટલોગ અથવા સ્થાવર મિલકતોના નિરીક્ષણ / મુકરર મિલકતો અને કોઈ પ્રશ્નોનો ઉકેલ મેળવવા માટે કૃપા કરીને સંલગ્નિત અધિકારી, યસ બેંક લિ., શ્રી નિખિલકુમાર વ્યાસ, (મો) : ૯૨૨૫૫૦૪૦૧૧ અથવા ઈમેલ : nikhilkumar.vyas@yesbank.in નો સંપર્ક કરવો.

કાયદાની કલમ - ૧૩(૮) હેઠળ ધ્યાન કરતા અમારા બાકી લેણાં, અમે કરેલા બધા ખર્ચાઓ, ચાર્જીસ, કોસ્ટ સાથે વેચાણ અથવા તબદીલની તારીખ પહેલાં કોઈ પણ સમયે ભરપાઈ થાય એ સંજોગોમાં અમારા દ્વારા મુકરર મિલકતો વેચાણ અથવા તબદીલ થશે નહી અને મુકરરના વેચાણ અથવા તબદીલ માટેના આગળ પગલાં ભરાવશે નહીં.

ઉધારકર્તા / જામીનદારો / મોર્ગેજરો નું વેચાણ નોટીસ

ઉપરોક્ત પ્રકાશનની તારીખથી ૩૦ દિવસની અંદર ચૂકવવા માટે જવાબદારોને નોટીસ તરીકે ગણવામાં આવશે.

તારીખ : ૧૭.૦૯.૨૦૨૦, સ્થળ : વડોદરા (અસલ સંજોગ પાછી અનુવાદ)

સહી/-
અધિકૃત અધિકારી, યસ બેંક લિમિટેડ